ગાંધીનગર સમાચાર

ગાંધીનગર તાપમાન
મહત્તમ : ૩૫.૫ ડીગ્રી
લઘુતમ : ૨૭.૫ ડીગ્રી
ભેજ
સવારે ૮૫ ટકા ● સાંજે ૬૩ ટકા

# ઘ-માર્ગ પર આડેધડ પાર્ક થયેલા ૪૫ વાહનો ટોઈંગ





ગાંધીનગર, તા.૪

ટ્રાફિકના પ્રશ્નોને લઈને ગાંધીનગર પોલીસે કડક વલણ અપનાવી આડેધડ વાહન પાર્કિંગ કરતાં વાહનચાલકો પર લાલ આંખ કરી છે ત્યારે છેલ્લા ત્રણ દિવસથી આડેધડ વાહન પાર્કિંગ કરતાં ચાલકોને દંડ ફટકારવા તથા કોમર્શિયલ એકમમાં પાર્કિંગ વ્યવસ્થા કરવા તેમને નોટિસ પાઠવવા સહિતની કામગીરી જોરશોરથી શરૂ કરી દેવામાં આવી છે. આજે પણ ટ્રાફિક પોલીસ દ્વારા ગાંધીનગર શહેરમાં ઘ માર્ગ ઉપર સપાટો બોલાવવામાં આવ્યો હતો. ગાંધીનગરથી અપડાઉન કરતા નોકરિયાતો અને વિદ્યાર્થીઓ દ્વારા તેમના વાહનો મુખ્ય માર્ગો ઉપર આડેધડ મૂકીને બસ કે જીપમાં બેસીને જતા રહેતા હોવાનું પણ ધ્યાને આવ્યું છે. મોટાભાગના આવા કર્મચારીઓ વિદ્યાર્થીઓ ના વાહનો પણ આડેધડ પાર્ક થયેલા હતા. જીલ્લા ટ્રાફિક પીઆઈ બી.જે.વ્યાસની ટીમે ઘ માર્ગ પરથી આવા આડેધડ પાર્ક થયેલાં ૪૫ વાહનો આજે ડિટેઈન કર્યા હતા. વાહનચાલકો પાસેથી રૂપિયા ૫૦૦૦નો દંડ પણ વસૂલવામાં આવ્યો હોવાનું જણાવ્યું છે.

# શહેરના વોર્ડનં.૮માં ૩૦ જેટલા જોખમી વીજપોલ મળી આવ્યા...!!

## ખુલ્લાં ઢાંકણ અને બહાર નીકળી ગયેલા વાયરો ભેજવાળા વાતાવરણમાં કોઈનો ભોગ લે તે પહેલા સત્વરે રીપેર કરવા નગરસેવકની માંગ







ગાંધીનગર, તા.૪

ગાંધીનગરમાં ખુલ્લા ઢાંકણ ધરાવતા જોખમી વીજ પોલની સંખ્યા ધાર્યા કરતા વધુ જોવા મળી રહી છે. હજુ તાજેતરમાં સેકટર-૨૧માં બે દિવસ પૂર્વે આ પ્રકારના વીજ પોલ પર કરંટ લાગવાથી એક બિલાડીનું મૃત્યુ થવા પામ્યું હતું. જેના પગલે શહેરના વોર્ડ નં.૮માં નગરસેવક દ્વારા હાથ ધરવામાં આવેલ તપાસ દરમિયાન વોર્ડમાં ૩૦ જેટલા વીજ પોલ જોખમી હાલતમાં મળી આવતા તેઓ ચોંકી ઉઠયા છે અને તેનું લીસ્ટ બનાવી સત્વરે રીપેર કરવા માટે તેમણે ટોરેન્ટ પાવરના ઈન્ફોસિટી લાઈટ વિભાગમાં રજુઆત કરી છે.

શહેરના વોર્ડ નં.૮માં એક બે નહીં પરંતુ પુરા ૩૦ જેટલા વીજપોલ જોખમી હાલતમાં મળી આવ્યા છે. જેમાં મોટભાગના વીજપોલના ઢાંકણા ખુલ્લા હોવાને કારણે જોખમી રીતે વીજ વાયરો બહાર હોય તેમજ નટ-બોલ્ટ વગરના, તુટી ગયેલા ફીટીંગ્સ ધરાવતા, લટકતી લાઈટ ધરાવતા અને તાર, ચીંથરાથી અથવા સુતળીથી બાંધીને રખાયેલા ઢાંકણ ધરાવતા વીજ પોલનો સમાવેશ થાય છે. આ વીજપોલના કારણે તેની આસપાસ રમતા નિર્દોષ બાળકોથી માંડીને ત્યાંથી પસાર થતા રાહદારીઓ ચોમાસાના ભેજવાળા વાતાવરણને કારણે પોતાનો જીવ ખોઈ બેસે તેવી પરિસ્થિતિ સર્જાઈ છે. એક તરફ તંત્ર દ્વારા એલઈડી લાઈટોના તોતિંગ ખર્ચ કરી વીજ બીલમાં બચતની વાતો કરાય છે જયારે બીજી તરફ જોખમી હાલતમાં રહેલા વીજપોલની યોગ્ય મરામત અંગે ગંભીર દુર્લક્ષતા સેવવામાં આવી રહી છે. આ સંજોગોમાં આ પ્રકારના વીજપોલનો સત્વરે સર્વે કરી તેનો કોઈનો લાડકવાયો કે કોઈના પરિવારનો આધાર છીનવાય તે પહેલા રીપેર કરવામાં આવે તેવી વોર્ડ નં. ૮ના નગરસેવક પાયલબેન મેણાત દ્વારા રજુઆત કરવામાં આવી છે. આ સાથે જ સમગ્ર શહેરમાંથી આ પ્રકારના જોખમી વીજપોલ સત્વરે રીપેર કરાય તેવી પણ માંગ ઉઠવા પામી છે.

# લો... વોર્ડ નં.૮માં એક પણ આંગણવાડી નથી..!!

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના વોર્ડ નં. ૮માં એક પણ આંગણવાડી ના હોવાને કારણે બાળકોનું પ્રારંભિક શિક્ષણ ટલ્લે ચઢી રહ્યું છે. આ વોર્ડના મધ્યમ વર્ગીય તથા જરૂરિયાતમંદ વર્ગના પરિવારના બાળકોને મોંઘી ફી ચુકવી ખાનગી પ્લે સ્કુલાં મુકવાની વાલીઓ માટે પરિસ્થિતિ સર્જાવા પામી છે.

શહેરના વોર્ડ નં.૮માં કોઈ સ્થાયી આંગણવાડીનું મકાન ઉપલબ્ધ નથી. આ વોર્ડમાં કયારેક સેકટર-૪માં તો કયારેક સેકટર-૩ ન્યુમાં, કયારેક ખુલ્લા ઝાડ નીચે તો કયારેક સે-૪ના દવાખાનાની બહાર અથવા કયારેક હડમતીયા છાપરાંના ખુલ્લા આકાશ હેઠળ આંગણવાડી ચલાવાય છે. આ કારણે નાના નિર્દોષ ભૂલકાં નિયમિત આંગણવાડીના અભ્યાસનો લાભ પ્રાપ્ત કરી શકતા નથી. વોર્ડનં.૮માં રહેતા મધ્યમવર્ગીય તેમજ જરૂરિયાતમંદ વર્ગના પરિવારોને આ કારણે તેમના બાળકોને પ્રારંભિક શિક્ષણ અપાવવા ખાનગી પ્લે સ્કૂલોનો સહારો લઈ તેની મોંઘીદાટ ફીનો બોજ વેંઢારવો પડી રહ્યો છે. આ પરિસ્થિતિને અનુલક્ષીને વોર્ડ નં.૮ના નગરસેવક પાયલબેન મેણાત દ્વારા વોર્ડમાં સ્માર્ટ આંગણવાડીનું ઝડપથી નિર્માણ કરાય લેવી લેખિત રજૂઆત મ્યુનિસિપલ કમિશનર સમક્ષ કરવામાં આવી છે.




ગાંધીનગરની પંડિત દિનદયાળ ઉપાધ્યાય પેટ્રોલિયમ યુનિવર્સિટીને સતત બીજા વર્ષે 'આઈપી ફેસ્ટ-૨૦૧૮'માં 'આઈપી-હૉલ ઓફ ફેમ' એવોર્ડ પ્રાપ્ત થયો છે. 'આઈપી ફેસ્ટ' મતલબ ઈન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી ફેસ્ટ જેમાં બૌદ્ધિક ક્ષમતાને ચકાસતા વિવિધ ક્ષેત્રોની પ્રતિભાઓને સન્માનવામાં આવે છે. જેનું આયોજન આઈપીપીઓ દ્વારા કરવામાં આવે છે. 'આઈપી ફેસ્ટ-૨૦૧૮'માં પીડીપીયુની પસંદગી 'ઈનોવેશન એન્ડ ઈન્કયુલેશન સેન્ટર ઓફ ધ યર વીથ પ્રોમિનન્ટ આઈ કલ્ચર-૨૦૧૮'માટે કરવામાં આવી હતી. જેમાં પીડીપીયુ દ્વારા ૨૦ આઈપીઆર ફાઈલ કરાયાં હતા તેમાંથી ૯ આઈપીઆરને પેટન્ટ માટે મોકલવામાં આવેલા છે.

# પેરોલ જમ્પ કરીને ભાગતો ડબલ મર્ડર કેસનો કેદી આખરે ઝડપાયો

## વચગાળાના જામીન મેળવીને ભાગી ગયેલો કેદી શશી વાવોલ તેના ઘરે પહોંચ્યો ને પોલીસે પકડી લીધો

ગાંધીનગર, તા.૪

શહેરના સે-૬ ખાતેના ચકચારી ડબલ મર્ડર કેસનો મુખ્ય સૂત્રધાર આમીન બાદશાહ પેરોલ જમ્પ થઈ ગયો છે. તેનો સાગરીત વાવોલનો શશી ગત મહિને વચગાળાના જામીન મેળવીને નીકળ્યો હતો અને ત્યાર બાદ પેરોલ જમ્પ કરીને ભાગતો ફરતો હતો. શશી તેના ઘરે વાવોલ ખાતે પહોંચ્યો અને ત્યાં બેઠો હતો ત્યારે જ સેકટર-૭ પોલીસની ટીમે બાતમીના આધારે શશીને દબોચી લીધો હતો. પેરોલ જમ્પ શશીની ધરપકડ કરીને તેની સામે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી સેન્ટ્રલ જેલ પરત મોકલવા પોલીસે કવાયત શરૂ કરી છે.

સેકટર-૬માં રહેતી ડો. નુપુર અને તેની માતાની ઘરમાં ઘૂસીને કરપીણ હત્યા કરી લૂંટ ચલાવી લેવામાં આવી હતી. આ ચકચારી પ્રકરણમાં પોલીસે પડોશમાં રહેતો આમીન બાદશાહ અને તેના સાગરીતોની ધરપકડ કરી લીધી હતી. તેમની પાસેથી લૂંટનો મુદ્દામાલ રિકવર કરવામાં આવ્યો હતો. એકવાર ફરી કોર્ટમાંથી મુખ્ય સૂત્રધાર આમિર બાદશાહ ભાગી ગયો હતો ત્યારે માંડ પોલીસ પકડી લાવી હતી ત્યાર બાદ



તાજેતરમાં જ તે ફરીથી પેરોલ મેળવીને પેરોલ જમ્પ કરી ફરાર થઈ ગયો છે. તેનો સાગરીત વાવોલ કુબેરનગર ખાતે રહેતો શશી ઉર્ફે શશીકાંત રતિલાલ મકવાણા પણ ગત મહિને પેરોલ જમ્પ કરીને ભાગી ગયો હોવાનું જાણવા મળ્યું હતું. સાબરમતી જેલમાંથી વચગાળાના જામીન પર છુટેલા શશીને ૫ જુલાઈથી ૧૬ જુલાઈ સુધીના દસ દિવસના વચગાળાના જામીન મળ્યા હતા. ૧૬ જુલાઈના રોજ તેને જેલમાં હાજર થવાનું હતું પરંતુ તે હાજર થયો ન હતો અને ત્યાંથી ફરાર થઈ ગયો. વચગાળાના જામીન પરથી ફરાર થઈ ગયેલા આરોપી શશી ને સેકટર-૭ પોલીસ સ્ટેશનનાં પીઆઈ કે.કે પંડ્યાની સૂચનાથી તેમની ટીમે શોધી નાખ્યો છે. ડી સ્ટાફ પી.એસ.આઈ ઝાલા ની બાતમીના આધારે તેમની ટીમના કોન્સ્ટેબલ ભુપેન્દ્રકુમાર, પંકજભાઈ, સજ્જાદ અલી અને મહાવીરસિંહ તથા રતનસિંહ, શેતાનસિંહ અને જગદીશસિંહ સહિતના માણસો આરોપી શશીને તેના ઘરે વાવોલથી જ પકડી પાડયો છે અને તેની સામે કાયદેસરની કાર્યવાહી કરી સેન્ટ્રલ જેલ હવાલે મોકલી આપવા તજવીજ શરૂ કરી છે.

# બ્રહ્માકુમારીઝ ખાતે નવી ભોજન પ્રથા પર પ્રવચન

ગાંધીનગર, તા.૪

રવિવાર, ૫ ઓગસ્ટ, ૨૦૧૮ના રોજ સાંજે ૪.૦૦ થી ૬.૦૦ દરમ્યાન બ્રહ્માકુમારીઝ, શિવશક્તિ ભવન, પ્લોટ નં.૭૫૧, પૂછપરછ કચેરી પાસે, સેકટર-૨૮, ગાંધીનગર સેવાકેન્દ્ર ખાતે નવી ભોજન પ્રથાની ચમત્કારી અને અનુભવ સિધ્ધ પધ્ધતિના પ્રણેતા અને જી.ઈ.બી. અમરેલીના રીટાયર્ડ સુપ્રિ. એન્જીનીયર ચૌહાણ સાહેબ (બી.ઈ.ઈલે.) નવી ભોજન પ્રથા અપનાવો રોગ ભગાવો પર સવિસ્તાર સમજ આપશે.

આ પધ્ધતિમાં વર્તમાન ભોજન શૈલીમાં સામાન્ય ફેરફાર કરવાથી એસિડીટી, કબજીયાત, કમરનો દુઃખાવો, માથાનો દુઃખાવો, બી.પી., ડાયાબીટીસ, સાંધાનો વા, થાઈરોઈડ, ચામડીના રોગ, એલર્જી, કાયમી શરદી, ખરજવું, સોરાયસીસ, તાવ, આંખના રોગ, ચશ્મા નંબર, કોલેસ્ટ્રોલ, કેન્સર, કોઢ, અસ્થમા જેવા રોગો તથા અસાધ્ય રોગોમાંથી કાયમ માટે મુક્તિ મળી શકે છે. નિરોગી બની શકાય છે. જેથી તપ, સેવા, સુમિરનનો માર્ગ સરળ બને છે. તો દરેક ભાઈ બહેનને આ કાર્યક્રમમાં જરૂરથી હાજર રહેવા આદરણીય કૈલાશ દીદીએ હાર્દિક ઈશ્વરીય નિમંત્રણ પાઠવેલ છે.

# કોઈ પણ વસ્તુ ખરીદો, તમને જે કિંમત યોગ્ય લાગે તે ચુકવો

## ઉમા સમાજ ભવન ખાતે યોજાયેલા પ્રદર્શનમાં અનોખો સ્ટોલ : હાથેથી બનાવેલ કાનની બુટ્ટીઓની કિંમત ગ્રાહક જાતે નક્કી કરી બોકસમાં નાંખે જેનો ઉપયોગ જરૂરિયાતમંદોની મદદ માટે કરાશે

ગાંધીનગર, તા.૪

તમે એવી કોઈ દુકાન જોઈ છે જેમાં વેચાતી ચીજવસ્તુઓ પર કોઈ પ્રકારની કિંમત લખેલી ના હોય પરંતુ તમે જે વસ્તુ ખરીદો તેની તમને જે યોગ્ય લાગે તે કિંમત જાતે નક્કી કરી તેટલા નાણાં દુકાન પર મુકેલા બોકસમાં જાતે નાંખી દેવાના. તમે કેટલા પૈસા ચુકવ્યા, તે અંગે કોઈ કાંઈ પૂછે નહી અને જે પૈસા ચુકવ્યા હોય તેનો ઉપયોગ વેપારી જરૂરિયાતમંદ વર્ગના બાળકોની મદદ માટે કરે. ગાંધીનગરના સે-૧૨માં ઉમિયા માતાજીના મંદિરે ઉમા સમાજ ભવન ખાતે યોજાયેલ બે દિવસીય લાઈફ સ્ટાઈલ એન્ડ ડિઝાઈનર એકિઝબીશનમાં સ્ટોલ નં. ૪૫ પર આ પ્રકારની સીસ્ટમ ગ્રાહકોને આશ્ચર્ય સાથે ધ્યાનાકર્ષિત કરી રહી છે.

ઉમા સમાજ ભવન ખાતે આજથી બે દિવસ માટે લાઈફસ્ટાઈલ એન્ડ ડિઝાઈનર એકિઝબિશન તેમજ રાખી મેલાનો પ્રારંભ થયો છે. આ પ્રદર્શનમાં મહિલાઓના સાજ-શણગાર માટેની વિવિધ ચીજવસ્તુઓ તેમજ ઘર વપરાશની ચીજવસ્તુઓ ઉપરાંત આગામી રક્ષાબંધન પર્વને અનુલક્ષીને રાખડીઓનું વેચાણ થઈ રહ્યું છે. આ પ્રદર્શનમાં સ્ટોલ નં. ૪૫ પરથી હાથેથી બનાવાયેલ કાનની બુટ્ટીઓ એટલે કે 'હેન્ડમેડ ઈયરીંગ્સ'નું વેચાણ થઈ રહ્યું છે. આ સ્ટોલ પર એક ડબ્બો મુકવામાં આવ્યો છે જેના પર લખ્યું છે કે 'કોઈ પણ હેન્ડમેડ બુટ્ટી લો, દિલથી પૈસા ચુકવો, પ્રોફિટ ગોઝ ટુ પુઅર એન્ડ નીડી પીપલ.' જયારે ગ્રાહક આ સ્ટોલ પરથી ખરીદી કરે ત્યારે ઈયરીંગ્સની કિંમત પુછે છે જેને સ્ટોલ ધારક કહે છે કે તમને જે ઈયરીંગ્સ પસંદ પડે તે લઈ લો અને તેની જેટલી કિંમત યોગ્ય લાગે તેટલા પૈસા આ બોકસમાં નાંખી દો. આ સાંભળી ગ્રાહકને આશ્ચર્ય થાય છે પરંતુ તે બોકસ પરનું લખાણ વાંચીને આખી વાત સમજે છે અને યોગ્ય રકમ બોકસમાં નાંખે છે. કેટલાક ગ્રાહકો તો આ રકમ સદકાર્યમાં વપરાવવાની છે તે જાણીને પોતે ચુકવવા માંગતા હોય તેના કરતા પણ વધુ રકમ બોકસમાં ઉમેરી દાન પુણ્ય કર્યાનો સંતોષ પ્રાપ્ત કરે છે.

આ પ્રકારની અનોખી પહેલ કરનાર સ્ટોલધારક છે પ્રો. રોઝીલી વિકટર મેકવાન. જેઓ વ્યવસાયે સેકટર-૧૫માં એલડીઆરપી એન્જિનીયરીંગ કોલેજમાં કોમ્યુનિકેશન વિષયના પ્રાધ્યાપક છે અને તેમને હેન્ડમેડ ઈયરીંગ્સ બનાવવાનો શોખ છે. આ શોખથી થતી આવકને તેઓ દાન પુણ્યમાં ખર્ચી આધ્યાત્મિક આનંદની અનુભૂતિ કરે છે. તેઓ ક્રીસમસમાં ઓકસોડાઈઝડ, કવીલીંગ, સ્ટોન, પર્લ, સિલ્ક થ્રેડના ઉપયોગ સાથેના પાર્ટીવેર, નોર્મલ વેર, ફેસ્ટિવલ વેર વગેરેમાં કામ લાગે તેવા વિવિધ કોમ્બીનેશનવાળા ઈયરીંગ્સ બનાવે છે જેની વેરાયટીઝ સ્ટોલ પર ઉપલબ્ધ છે.




### મારો શોખ મારા આત્માના આનંદ માટે છે : પ્રો. રોઝીલી

અમદાવાદના સી.જી. રોડ પરના 'સેવા' રેસ્ટોરન્ટ કોન્સેપ્ટની યાદ અપાવતા સ્ટોલ ધારક પ્રો. રોઝીલીએ ગાંધીનગર સમાચાર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, 'મારી નોકરી એ મારો વ્યવસાય છે જયારે મારો શોખ મારા માનસિક અને આધ્યાત્મિક આનંદ માટેનો છે, આ શોખના કારણે થતી આવકમાંથી હું ગરીબોને જમાડવા, કરિયાણું લાવી આપવું, મજૂરો, કચરો ઉપાડનાર શ્રમજીવીઓ વગેરેને દિવાળી જેવા તહેવારે મદદરૂપ બનવું તેવા સદકાર્યો કરું છું. આ કાર્યની પ્રેરણા મને એક 'યુનિવર્સલ હ્યુમન વેલ્યુઝ' શિબિરમાં ભાગ લેવાથી મળી હતી.'

## @ગાંધીનગર

● સે-૨૩માં આવેલ સ્વામિનારાયણ મંદિર ખાતે શિર શ્રૃંગારના કલાત્મક હિંડોળામાં ઠાકોરજીને સાંજે ૫ થી ૮.૧૫ કલાક દરમિયાન ઝુલાવવામાં આવશે.

● શ્રીજી શ્રી ગોવર્ધનનાથજીની હવેલી સે-૨૧ ખાતે અષાઢ વદ-૯ના રોજ વેણીના હિંડોળાના દર્શન સાંજે ૬.૩૦ થી ૭.૧૫ કલાક દરમિયાન યોજાશે.

● હરિનસિંહ કૃપા ચેરીટેબલ અને સેવા ટ્રસ્ટ દ્વારા વિના મૂલ્યે બહેરાશ નિદાન કેમ્પ સવારે ૯ થી સાંજે ૬ કલાક દરમિયાન આંબેડકર હોલ સે-૧૨ ખાતે યોજાશે.

● શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ સે-૨૨ દ્વારા જાહેર પ્રવચન સવારે ૯.૩૦ કલાકે દેરાસર ખાતે યોજાશે અને ૧૨ વર્ષ સુધીના બાળકોની અષ્ટપ્રહરી પૂજા કરાશે.

● ઘ-૪ સર્કલ ખાતે પુસ્તક પરબ સવારે ૭.૩૦ થી ૯.૩૦ દરમિયાન યોજાશે.

● બહુજન સમાજ પાર્ટી ગાંધીનગર જિલ્લા દ્વારા કાર્યકર્તા સંમેલન બપોરે ૨ કલાકે નગરપાલિકા હોલ સે-૧૧ ખાતે યોજાશે.

● વંદેમાતરમ પરિવાર દ્વારા આનંદનો ગરબો બંગલા નં. ૧૮૮, આનંદનગર, સે-૨૭ ખાતે સાંજે ૩થી ૫.૩૦ કલાક દરમિયાન યોજાશે.

# સે-૨૨ જૈન દેરાસર ખાતે જાહેર પ્રવચનનો કાર્યક્રમ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગરના સેકટર-૨૨ ખાતેના જૈન દેરાસર ખાતે તા. ૫મી ઓગસ્ટ રવિવારના રોજ શ્વેતાંબર મૂર્તિપૂજક જૈન સંઘ દ્વારા ચાતુર્માસ નિમિત્તે વિવિધ ધાર્મિક કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું છે. આ અંતર્ગત સવારે ૭.૩૦ કલાકે અપ્લેશભાઈ તપોવનીની ઉપસ્થિતિમાં ૧૨ વર્ષ સુધીના બાળકોની અષ્ટપ્રહરી પૂજા યોજાશે. આ ઉપરાંત સવારે ૯.૩૦ કલાકે ચાતુર્માસ કરવા પધારેલા જૈન મુનિઓના જાહેર પ્રવચનનો કાર્યક્રમ યોજાશે. જેમાં પૂ. ધર્મભૂષણ મ.સા. દ્વારા 'અધધ... ફાયદો જ ફાયદો' વિષયે અને ત્યારબાદ પૂ. વિમપવિશ મ.સા. દ્વારા 'થોભ નહીંતર થાકી જઈશ' વિષયે જાહેર પ્રવચન યોજાશે. આ પ્રવચનોનો લાભ લેવા જાહેર જનતાને જૈન સંઘ દ્વારા આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

# એસસી-એસટીને પ્રમોશનની તરફેણને આવકાર

ગાંધીનગર, તા.૪

સરકારી નોકરીઓમાં એસ.સી.-એસ.ટી.ને ૨૨.૫ ટકા પ્રમોશન આપવા માટે કેન્દ્ર સરકાર તરફથી તા. ૩-૮-૨૦૧૮ના રોજ સુપ્રિમકોર્ટમાં જોરદાર તરફેણ કરવામાં આવી હતી. સરકારશ્રીના આ હકારાત્મક અભિગમને ગુજરાત રાજય કર્મચારી ઉત્કર્ષ મંડળ ગાંધીનગર દ્વારા ઉત્સાહ સાથે આવકારમાં આવે છે. સમગ્ર રાજયના કર્મચારી આલમમાં ખૂબ જ આનંદની લહેર પ્રસરી જવા પામી છે એમ ગુજરાત રાજય કર્મચારી ઉત્કર્ષ મંડળના પ્રમુખ નરેન્દ્ર વોરાએ અખબારી યાદીમાં જણાવ્યું છે.

## ચિરવિદાય

- સ્વ. જયંતિલાલ મુળચંદભાઈ પટેલ, ઉ.વ. ૮૩
- સ્વ. ગણભાઈ રામાભાઈ પરમાર, ઉ.વ. ૬૨
- સ્વ. ઠાકોર દિનેશભાઈ કેશાજી, ઉ.વ. ૫૧
- સ્વ. કમળાબેન માંગીલાલ પંચાલ, ઉ.વ. ૫૭
- સ્વ. ઠાકોર મીનાબેન રણછોડજી, ઉ.વ. ૩૩